**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૦ ડિસેંબર ૨૦૧૨**

## મુંબઈની રેલ્વે સમસ્યા સાંભળવા માટે
## રેલ્વે પ્રધાનનું રામ નાઈકને મુંબઈ આવવાનું આશ્વાસન

**મુંબઈ, સોમવાર :** મુંબઈમાંના રેલ્વે પ્રવાસીઓની સમસ્યાઓ જાણવા માટે મુંબઈની મુલાકાત લેવાનું આશ્વાસન રેલ્વે પ્રધાન શ્રી પવન કુમાર બંસલે માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈકને આપેલ છે. મુંબઈમાંની રેલ્વે સમસ્યા બાબતે શ્રી રામ નાઈકે રવિવારે દિલ્લી ખાતે રેલ્વે પ્રધાનની મુલાકાત લઈ ચર્ચા કરી. તેવેળાં આ આશ્વાસન આપવામાં આવ્યું છે.

લાંબો સમય ખોરંભાયેલ મુંબઈના રેલ્વે પ્રકલ્પ વહેલી તકે પૂરાં કરવા માટે કમ સે કમ આવનારા રેલ્વે બજેટ માં મુંબઈ માટે ઓછા માં ઓછા રૂ. ૧,૦૦૦ કરોડની જાગવાઈ કરવી, તેવી વિનંતી આ પ્રસંગે શ્રી રામ નાઈકે કરી હતી. આ પહેલાંના રેલ્વે પ્રધાને બજેટ રજુ કરતાં આ વર્ષમાં મુંબઈ નાં રેલ્વે સ્ટેશનો પર ૫૦ એસ્કેલેટર તૈયાર કરવાની જાહેરાત કરી હતી, અને તે કામ માટે ફકત ૨૦ લાખ રૂપિયા ની વ્યવસ્થા કરી હતી એ તરફ પણ શ્રી રામ નાઈકે રેલ્વે પ્રધાન નું ધ્યાન દોર્યું હતુ અને સાચી પરિસ્થિતીની વિચારણા કરી હતી.

વિરાર - દહાણૂ માર્ગ પહોળો થયો, ડીસી નું એસી થયું, છતાંયે હજૂ ચચગેટ - દહાણૂ રેલ્વે શરૂ ન થયા થી મુસાફરો માં પ્રચંડ અસંતોષ ની લાગણી નિર્માણ થઈ છે તેની શ્રી રામ નાઈકે રેલ્વે પ્રધાનને સ્પષ્ટ જાણ કરી હતી. આ અસંતોષ નું રોષ માં રૂપાંતર થાય તે પહેલાંજ તાત્કાલિક ચર્ચગેટ - દહાણૂ સીધી ટ્રેનો શરૂ કરવાની માગણી શ્રી રામ નાઈકે કરી છે.

ગિર્દી થી હાલ પૂરતી રાહત માટે પહેલાં સઘળી ૯ ડબ્બાની ટ્રેનો ૧૨ ડબ્બાની કરવામાં આવે અને ત્યાર બાદ સઘળી જ ટ્રેનો ૧૫ ડબ્બા ની કરવામાં આવે, હાલ ની ગિર્દી ઓછી કરવાનો આ જ એકમાત્ર માર્ગ છે, તેવું સ્પષ્ટ પ્રતિપાદન આ પ્રસંગે શ્રી રામ નાઈકે કર્યું હતું. ડીસી નું એસી થવાથી ટ્રનોની ગતી ૨૫ ટકા સૂધી વધારી શકાય. તે માટે પશ્ચિમ રેલ્વે નું નવું સમયપત્રક તૈયાર કરી ગતિ વધારવી તેવી માગણી પણ શ્રી રામ નાઈકે કરેલ છે.

ઉન્નત રેલ્વે માર્ગની યોજના લાવતા પહેલાં મુંબઈના રેલ્વે પ્રવાસીઓને વિશ્વાસ માં લઈ તેમનો મત જાણી લો, પ્રવાસી સંગઠનો સાથે ચર્ચા કરો, તે ખાતર પ્રત્યક્ષ મુંબઈ આવો તેમ પણ શ્રી રામ નાઈકે આ પ્રસંગે રેલ્વે પ્રધાનને સૂચવ્યું છે. મુંબઈગરા રેલ્વે મુસાફરો ને પોતાની ઉપેક્ષા કરવામાં આવે છે તેવું લાગે છે. મુંબઈ માં ચાલૂ સઘળાં પ્રકલ્પોની હાલ પર્યંતની માહિતી આપનારી શ્વેતપત્રિકા બહાર પાડો તેવી માગણી પણ શ્રી રામ નાઈકે રેલ્વે પ્રધાન શ્રી પવન કુમાર બંસલ પાસે કરી છે.

શ્રી રામ નાઈકની સર્વ માગણીઓ પર વિચાર કરીશું અને મુંબઈનાં ઉપનગરી રેલ્વે પ્રવાસીઓની સમસ્યાઓ સમજવા માટે મુંબઈ ખાતે આવીશું, તે મુજબનું આશ્વાસન રેલ્વે પ્રધાન શ્રી બંસલે આ પ્રસંગે આપેલ છે.

**( કાર્યાલય સચિવ )**